**<u>મ્હે. સેકન્ડ એડી. ચીફ જયુડીશ્યલ સાહેબની કોર્ટ–ઉના, જી. ગીર સોમનાથ</u>**

**ફોજદારી કેસ નં. ૩૦૦૫/૨૦૨૫**
**આંક–........**

શ્રી સરકાર
(ઉના પો. સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૧૮૬૦૦૮૨૫૧૩૧૬/૨૦૨૫)

**–: વિરૂધ્ધ :–**

(૧) શામજીભાઇ નથુભાઇ રાઠોડ,
ઉ.વ. ૬૦, વ્યવસાય :– મજુરી,
(૨) માલાભાઇ નથુભાઇ રાઠોડ,
ઉ.વ. ૫૮, વ્યવસાય :– મજુરી,
(૩) વિજય ઉર્ફે લખમણભાઇ ઉકાભાઇ ઉર્ફે ઉદયભાઇ રાઠોડ,
ઉ.વ. ૩૩, વ્યવસાય :– મજુરી,
રહે. ખાપટ, તા. ઉના, જીલ્લો–ગીર સોમનાથ.

**ગુન્હો :– બી.એન.એસ ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ**

**–: કમીટલ હુકમ :–**

(૧) આ કામના આરોપીઓ સામે ઉના પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૫૧૩૧૬/૨૦૨૫ મુજબના કામે આ ચાર્જશીટમાં આરોપી સામે બી.એન.એસ ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. ફરિયાદી તરફે આંક–૧૪ થી અરજી રજુ કરી જાહેર કરેલ છે કે સદર કામનો ક્રોસ કેસ એટ્રોસીટી કેસ નં. ૧૨/૨૦૨૫ થી નામદાર સેશન્સ

કોર્ટમાં ચાલે છે અને તેના ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૫૧૩૧૩/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૩૫૨ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૨),(૫-એ), ૩(૧)(આર)(એસ) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ છે અને બંન્ને કેસો એકી સાથે ચલાવવા અરજ કરેલ છે.

(૨) આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટના **સુધીર અને બીજા વિરૂધ્ધ મધ્યપ્રદેશ રાજય-૨૦૦૧, SSC** 2 688 ના ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે એક જ બનાવ બાબતે બે ગુન્હા દાખલ કરવામાં આવેલ હોય ત્યારે એક કેસ સેશન્સ ટ્રાયબલ હોય અને બીજો મેજીસ્ટ્રેટ ટ્રાયબલ હોય તો તેવા સંજોગોમાં બંન્ને કેસ સેશન્સ કોર્ટ ધ્વારા ચલાવવા જોઈએ. જેથી હાલનો કેસ નામદાર સેશન્સ કોર્ટમાં કમીટ કરવો યોગ્ય જણાય છે.

(૩) સદર કામના આરોપીઓ તેમના વિધ્વાન વકીલશ્રી સાથે હાજર રહેતા તેમને બી.એન.એસ.એસ. ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે તેમજ આરોપીઓનું પ્રાથમિક બ્યાન નોંધવામાં આવતા તેઓ નામદાર સેશન્સ કોર્ટમાં ખાનગી વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૪) સદર કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસના અંતે આરોપીઓ સામે બી.એન.એસ ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે. આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમતની હકીકત તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કેસનો ક્રોસ કેસ નામદાર સેશન્સ કોર્ટમાં ચાલતો હોય જેથી સદર કેસ બી.એન.એસ.એસ. ની કલમ - ૩૩૨ અન્વયે સેશન્સ કમીટ કરવો યોગ્ય જણાતો હોય કેસ સેશન્સ કમીટ કરતો નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**<u>–:: હુકમ ::–</u>**

બી.એન.એસ.એસ. ની કલમ – ૩૩૨ મુજબ આરોપીઓ સામેનો કેસ ધોરણસર નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ–ઉના સમક્ષ ધોરણસરની કમીટલ કાર્યવાહી કરીને મુદત અંદર મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૧) આ કામના તમામ કેસ પેપર્સ, રેકર્ડ, મુદ્દામાલને ધોરણસરની મુદત **તા. ૦૪/૦૭/૨૦૨૬** પહેલા નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ, ઉના સમક્ષ જરૂરી કમીટલ કાર્યવાહી કરીને મોકલી આપવા.

(૨) આ કેસ કમીટ કર્યા અંગેની ઉનાના સરકારી વકીલશ્રીને યાદી ધ્વારા જાણ કરવી.

(૩) આરોપીઓને ઉપરોકત મુદતે નામદાર એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, ઉના સમક્ષ હાજર રહેવા જાણ કરવી.

આ હુકમ આજ તા. ૦૫ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– ઉના (નીરજકુમાર યાદવ)
તા. ૦૫/૦૬/૨૦૨૬ સેકન્ડ એડીશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઉના
કોડ નં. જીજે.૦૧૪૦૯